## (1) 'હરીત પથ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે NHAI દ્વારા લોંચ કરવામાં આવેલી એક મોબાઈલ એપ્લીકેશન છે.
(2) આ એપ્લીકેશન મેઘરાજ ક્લાઉડ પર લોંચ કરવામાં આવી છે.
(3) આ એપ્લીકેશનમાં વૃક્ષની વૃદ્ધિનું ટ્રેકીંગ કરવા માટે તેના ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવશે.
(4) એપ્લીકેશન દ્વારા દેશમાં ગ્રીન હાઈ–વેના નિર્માણને મદદ મળશે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 21 ઓગસ્ટના રોજ NHAI (નેશનલ હાઈ–વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા હરીત પથ નામની મોબાઈલ એપ્લીકેશન લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ એપ્લીકેશન દ્વારા 7800 વૃક્ષોનું જીઓ–ટેગીંગ થઈ ચૂક્યું છે.

⇛ આ એપ્લીકેશન બિગ ડેટા એનાલીટીક્સ પ્લેટફોર્મ–'ડેટા લેક' પર લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ એપ્લીકેશનમાં વૃક્ષની વૃદ્ધિનું ટ્રેકીંગ કરવા માટે તેના ફોટોગ્રાફ દર 3 મહીને અપલોડ કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ એપ્લીકેશનના લોંચીંગ દ્વારા ભારતમાં ગ્રીન હાઈ–વેના નિર્માણને મદદ મળશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) રમેશ ચંદ ટાસ્ક ફોર્સ તથા તેની ભલામણો વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ટાસ્ક ફોર્સ કૃષિ મંત્રાલય દ્વારા રચવામાં આવી હતી.

(2) ટાસ્ક ફોર્સની મુખ્ય ભલામણ છે કે, શેરડીના ભાવને ખાંડના ભાવ સાથે લિંક કરવાં.

(3) શેરડીના ન્યુનત્તમ ટેકાના ભાવને દર 6 મહીને રિવ્યુ કરવા.

(4) ખેડૂતોને ઈન્સેન્ટીવ આપીને શેરડીના પાક હેઠળ રહેલા વિસ્તારોમાં ઓછું પાણીની જરૂરિયાત ધરાવતાં પાક વાવવા.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ નીતિ આયોગ દ્વારા રચવામાં આવેલી રમેશ ચંદ સ્ટાફ ફોર્સે પોતાનો રિપોર્ટ જાહેર કર્યો છે. આ ટાસ્ક ફોર્સ શેરડીના ભાવ માટે રચવામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ટાસ્ક ફોર્સની ભલામણ :

- શેરડીના ભાવને ખાંડના ભાવ સાથે લિંક કરવાં. (આથી, વિધાન (2) સાચું છે.)
- શેરડીના પાક હેઠળ રહેલા વિસ્તારોમાં ઓછું પાણીની જરૂરિયાત ધરાવતા પાક વાવવા. આ માટે ખેડૂતોને ઈન્સેન્ટીવ આપવું. (આથી, વિધાન (4) સાચું છે.)
- આ ઈન્સેન્ટીવ રૂ. 6000 પ્રતિ હેક્ટર જેટલું હોવું જોઈએ.
- શેરડી માટેના ન્યુનત્તમ ટેકાના ભાવને દર છ મહીને રિવ્યુ કરવા. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) નેશનલ કમિશન ઓન પોપ્યુલેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ કમિશન આરોગ્ય મંત્રાલય દ્વારા રચવામાં આવ્યું હતું.

(2) રિપોર્ટમાં વર્ષ 2010થી 2050 માટેની વસતીનું પ્રોજેક્શન કરવામાં આવ્યું છે.

(3) રિપોર્ટ મુજબ, ભારતમાં જાતિદર 2036માં વધીને 984 થશે.

(4) ભારતની વસતી 2050 સુધીમાં 152 કરોડ જેટલી થશે.

(A) માત્ર (1)

(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) માત્ર (1), (2) અને (3)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ નેશનલ કમિશન ઓન પોપ્યુલેશન દ્વારા વર્ષ 2011-36 માટેના વસતીના પ્રોજેક્શન વિશેનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ કમિશન આરોગ્ય મંત્રાલય દ્વારા સ્થાપવામાં આવ્યું હતું. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ, 2036માં ભારતનો જાતિદર વધીને 957 જેટલો થશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ રિપોર્ટ મુજબ, 2036માં ભારતની વસતી વધીને 152 કરોડ જેટલી થશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આમ, 2011ની સાપેક્ષે 2036 સુધીમાં ભારતની વસતીમાં 25%નો વધારો થશે.

⇒ 2011થી 2021 દરમિયાન ભારતની વસતીનો વૃદ્ધિદર 12.5% રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ભારતમાં ચૂંટણી કમિશનર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
(2) તેમનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.
(3) તેમને સુપ્રીમ કોર્ટના જજ જેટલો પગાર તથા દરજ્જો મળે છે.
(4) દરેક ચૂંટણી કમિશનર પાસે કમિશનના નિર્ણયો લેવા માટે સમાન સત્તા હોય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાજીવ કુમારની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

⇛ મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેમનો કાર્યકાળ 6 વર્ષ સુધીનો અથવા તો 65 વર્ષની ઉંમર સુધીનો હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેમને સુપ્રીમ કોર્ટના જજ જેટલો પગાર તથા દરજ્જો મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ કમિશનના નિર્ણયોમાં દરેક ચૂંટણી કમિશનરને સમાન સત્તા હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેમને દૂર કરવાની પદ્ધતિ સુપ્રીમ કોર્ટના જજને દૂર કરવાની પદ્ધતિ જેવી જ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) નીચેનામાંથી કયા-કયા લોકોને આ વર્ષે રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ મળી રહયો છે ?

(1) રોહીત શર્મા
(2) સાક્ષી મલિક
(3) મનીકા બતરા
(4) મરીયપ્પન

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ રાષ્ટ્રીય રમત–ગમત દિવસ (29 ઓગસ્ટ) નિમિત્તે રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ આપવામાં આવશે. આ એવોર્ડ આ વર્ષે નીચેની વ્યકિતઓને એનાયત થયા છે :

- રોહીત શર્મા – ક્રિકેટ
- મરીયપ્પન ટી. – પેરા એથ્લેટીકસ
- મનીકા બતરા – ટેબલ ટેનીસ
- વિનેષ ફોગટ – કુસ્તી (રેસલીંગ)
- શ્રીમતી રાની – હોકી

(આથી, વિધાન (1), (3) અને (4) સાચાં છે.)

⇛ આ દિવસે 27 લોકોને અર્જુન એવોર્ડ તથા 5 કોચને દ્રોણાચાર્ય એવોર્ડ પણ આપવામાં આવશે.

⇛ આ એવોર્ડ યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.

⇛ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ ભારતનો સૌથી શ્રેષ્ઠ રમત–ગમત એવોર્ડ છે.

⇛ આ એવોર્ડમાં એક મેડલ, એક સર્ટીફિકેટ અને 7.5 લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT